નવલિકા



# વાત એક બાપના દરદની

**મેહૂલ  હાઈસ્કૂલના દરવાજે આવીને ઊભો રહ્યો. એણે કમ્પાઉન્ડમાં જોયું. વાતાવરણ શાંત હતું. તેણે પગ ઉપાડ્યા. બરાબર નજર સામે જ આચાર્યની ચેમ્બર હતી. તેને ખ્યાલ હતો. ધીરે ધીરે કરતા કમ્પાઉન્ડ પસાર કરીને તે ચેમ્બરની બહાર ઊભો રહ્યો. અને પછી હળવેથી અંદર પ્રવેશ્યો. પણ આચાર્યની ખુરશી પર એક જાણીતા ચહેરાને જોઈને તે આશ્ચર્યમાં પડી ગયો. ક્ષણ બે ક્ષણ તો તેના મનમાં કંઈ કેટલાય વિચાર આવી ગયા.....**

**યોગેશ પંડ્યા.** aarpar@gmail.com

મેહૂલ  હાઈસ્કૂલના દરવાજે આવીને ઊભો રહ્યો. એણે કમ્પાઉન્ડમાં જોયું. વાતાવરણ શાંત હતું. તેણે પગ ઉપાડ્યા. બરાબર નજર સામે જ આચાર્યની ચેમ્બર હતી. તેને ખ્યાલ હતો. ધીરે ધીરે કરતા કમ્પાઉન્ડ પસાર કરીને તે ચેમ્બરની બહાર ઊભો રહ્યો. અને પછી હળવેથી અંદર પ્રવેશ્યો. પણ આચાર્યની ખુરશી પર એક જાણીતા ચહેરાને જોઈને તે આશ્ચર્યમાં પડી ગયો. ક્ષણ બે ક્ષણ તો તેના મનમાં કંઈ કેટલાય વિચાર આવી ગયા.આ તો પોતાનો મિત્ર જીતુ હતો. જીતુ સાપોવાડિયા. તો શું જીતુ અહીંનો આચાર્ય હતો? ક્ષણ બે ક્ષણ તો તેના મનમાં કંઈ કેટલાય વિચાર આવી ગયા. ઘડીક તો તે માની જ ન શક્યો. દસમા ધોરણથી છેક ટી.વાય.બી.એ. સુધી સાથે ભણેલો એક ખાસ અંગત કહી શકાય તેવો મિત્ર- હમદર્દ જીતુ અહીં હતો.

ક્ષણ બે ક્ષણ તે ઊભો રહ્યો ત્યાં જ કંઈક લખતાં લખતાં જીતુએ આગંતૂક સામે જોયું. અને જોતો જ રહ્યો.ઓળખાણ તાજી થતાં  તે ખુરશીમાંથી ઊભો થઈ જતાં  બોલી ઊઠ્યો,  ‘‘મેહૂલ તો નહીં?’’


‘‘હા જીતુ...’’

બંને એકબીજા તરફ અનોખા લાગણીના આવેગથી ખેંચાયા. બંનેની હથેળીઓની ઉષ્મા જાણે બંનેના દિલોદિમાગને અસર કરી રહી.

‘‘અરે, બેસ બેસ મેહૂલ...’’

મેહૂલ સામેની ખુરશીમાં બેઠો. જીતુએ બેલ મારી. થોડીવારે પટાવાળો આવ્યો. જીતુએ પાણી લાવવાનું કહ્યું. પાણી આવ્યું. મેહૂલે પાણી પીધું. તરસ પણ લાગી હતી. તૃપ્તિ થઈ. જીતુએ કહ્યું, ‘‘તને કેટલા વરસે જોયો  મેહૂલ? ક્યાં હતો?’’

ગુમનામીના અંધકારમાં... મેહૂલના હોઠો ઉપર શબ્દો આવી ગયા પણ એ બોલી ન શક્યો. વ્યથાના વાદળો વરસે એ પહેલાં હોઠો ઉપર વ્યવહારિકતાનો સૂરજ ઊગ્યો. કોલેજ પૂરી કરી એનેય પંદરેક વરસ થઈ ગયાં. જોકે ટી.વાય. પૂરું



કરીને તો હું કોડીનાર ખાંડના કારખાનામાં ક્લાર્ક તરીકે નોકરીએ ચડી ગયો. મારા બનેવીએ ગોઠવી દીધો. કુટુંબની જવાબદારી હતીને ...

“હજી ત્યાં જ છો ? ”

“હા, ત્યાં જ છું.”

“પગાર કેટલોક મળે છે?”

સ્ટાર્ટિંગમાં બે હજાર આપતા હતા. અત્યારે સાડાચાર જેવું મળે છે. “ઠીક” જીતુ બોલ્યો તો ખરો પણ તેને મેહૂલના પગારનો આંકડો સાંભળીને નારાજગી થઈ. પણ તે કશું બોલ્યો નહીં. થોડીવારે બન્ને વચ્ચે એમ જ મૌન છવાયેલું રહ્યું કે એ મૌનને મેહૂલે જ ખોલ્યું:

“જીતુ તું અહીં ક્યારથી ?”



બસ બે મહિના થયા દોસ્ત. પહેલા હું બાજુના ગામડાની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે હતો. હવે અહીં ગોઠવાયો છું. પણ તને મારી ખબર પડી એટલે કોઈ કામસર અહીં આવ્યો હોય અને મળવા આવી ગયો છે ?

“ના... મેહૂલે ઊંડો નિશ્વાસ નાખ્યો. હું આવ્યો છું પણ મારા પુત્રને મળવા આવ્યો છું.”

“એનું નામ પાર્થ છે. આઠમા ધોરણમાં ભણે છે. આ વર્ષે જ દાખલ થયો છે.”

“ઓહ નો... જીતુના ચહેરા પર અફસોસના ભાવ આવી ગયા. હું તેને ઓળખી ન શક્યો કે એ તારો જ પુત્ર છે.”

આવું વિચાર્યું જ ન હોય ને જીતુ એમાં તારો વાંક જ નથી બધી નિયતિની રમત છે. ઉપરવાળાના ખેલ તો જો, કેવું ગણિત રચાયું છે ?

“એટલે ?”

“હા આજ હું એને મળવા આવ્યો છું. બાપ હોવા છતાં મળવા આવવું પડે છે અને કોઈની રજાએ.”

“પણ” જીતુ અટકી ગયો.

“બોલ જીતુ બોલ કેમ અટકી ગયો ?”

“મારે તને શું કહેવું ?” જીતુ પણ મુંઝાઈ ગયો.

મને ખ્યાલ છે કે તું શું કહેવા માંગે છે ? પણ.. પણ...મેહૂલના અવાજમાં દર્દ ઉભરાઈ ગયું પણ પોતાના સંતાનને નજીકથી તો નહીં દૂરથીય જોવા મળે તોય મારા દિલને કરાર વળશે. બે મહિના થાય છે ને હું મારા લોહીના છોડવાને મળવા તડપું છું. એ તડપ મને ક્યાંય સ્થિર થવા દેતી નથી. મારો જીવ કળપ્યા કરે છે. સંબંધોના રણમાં રઝળ્યા પણ કરે છે. પણ મુખવટો પહેરીને મને કમને હસ્યા કરું છું. શું કરું ?

“પણ મને સમજાતું નથી કે તારું દામ્પત્ય આ રીતે અચાનક મઝધાર આવીને ...”

“મારા નસીબ” મેહૂલે ઊંડો નિઃશ્વાસ નાંખ્યો. મેં પણ ધાર્યું નહોતું કે મારો સંસાર છિન્નભિન્ન થઈ જશે. પણ મારી પત્નીનો સ્વભાવ એટલો વિચિત્ર હતો કે આમ ..? છતાં મેં નિભાવ્યે રાખ્યું. પણ રોજના ઝઘડામાં ખરેખર વાંક તેનો છે છતાં મારો વાંક નીકળ્યો છે. હું છુટ્ટો થવા માંગતો જ નથી ને એને છૂટું થવું છે. ખબર નથી આની પાછળ બીજું કોનું શેતાની મગજ કામ કરે છે ? માંડ બે ત્રણ વરસ સરખું ચાલ્યું... અંતે મને મૂકીને છોકરાને લઈને ભાગી ગઈ. પણ હું બાપ છું ને ? એ મારાથી છુટ્ટી પડી ગઈ પણ હું હજી મારા લોહીથી છુટ્ટો નથી પડી શક્તો જીતુ... એ લોહીનું ખેંચાણ મને અહીં સુધી ખેંચી લાવે છે. મેહૂલની આંખમાંથી ટપટપ કરતાં આંસુ પડી ગયાં. છેલ્લા સાત સાત વરસથી એને મળવા તડપતો રહ્યો છું. મને ખબર મળતી કે એ પ્રાથમિક શાળામાં ભણે છે. હું ત્યા મળવા જતો તો આચાર્ય મને મળવાની ના પાડી દેતા. કહેતા કે કોર્ટના આદેશનું હું ઉલ્લંઘન નહી કરું. નોકરી જાય. એની મમ્મી અને મારા સાસુ સસરાનું પણ બાળમંદિરના અને પ્રાથમિક શાળાના આચાર્ય ઉપર દબાણ હતુ કે મને મળવા ન દેવો. હું મળવા આવતો હતો એ એમને ખબર પડી જતી. નાનો હતો ત્યાં સુધી રિક્ષામાં આવતો. રિક્ષાવાળાનેય કહી દીધેલું. પ્રાથમિકમાં તો મારા સસરા કાં તો સાળા પોતે તેડવા મૂકવા આવતા. એટલે સંઘર્ષ થાય ને મુશ્કેલી થાય એટલે હું મળ્યા વગર જ નીકળી જતો. હમણાં બે ત્રણ મહિના પહેલાં અહીં આવેલો પણ તારી જગ્યાએ સાકરિયા કરીને એક આચાર્ય હતા. મને ધરાર મળવા ન દીધો અને હું નિરાશ થઈને ચાલ્યો ગયો. વળી પાછો આજ રહી ન શક્યો એટલે આવ્યો છું. આજે એવું નક્કી કરીને આવ્યો છું કે રૂબરૂ ન મળે તોય કંઈ નહી રિસેસ પડશે એટલે દરવાજે ઊભો રહીશ. અને આઘેથી જ મારા પુત્રને જોઈને જતો રહીશ...” કહેતાં મેહૂલે ફરીવાર આવેલી આંખોની ભીનાશને લૂછી નાંખી.

જીતુ ક્યાંય લગી મેહૂલના ચહેરાને તાકતો રહ્યો ને પૂછ્યું કારણમાં શું હતું ?

અહીંયાં ઘરજમાઈ થઈને રહેવું એ જ. પણ મને મંજૂર નહોતું. એક તો મારા વૃદ્ધ માતાપિતા. બીજુ બંને બહેનો. હું એમને છોડીને અહીં આવું? રોજની માથાઝીંક અને ઝઘડાથી હું ત્રાસી ગયો હતો.

જીતુએ બેલ મારી. પટાવાળો આવ્યો ચા પીવે છે કે કોફી ? જીતુએ પુછયું.

“ના ના ભાઈ, એવી માથાકૂટ...”

“અરે આ માથાકૂટ થોડી છે ? તું કેટલા વરસે મળ્યો તે પ્રસંગે.”

“સારું ચા પીશ.”

ચા આવી બંને જણે ચા પીધી. થોડીવાર મૌન છવાયેલું રહ્યું. ઘૂંટાતા મૌનના ખરલમાં બંનેની વ્યથા પણ ઘૂંટાતી હતી.

“બોલ હવે શું કહેવા માંગે છે ?”

“બસ મારા પુત્રને એકવાર મળી લેવા દે જીતુ. મને વિશ્વાસ છે કે તું તો ના નહીં જ પાડે. હું મળીને જતો રહીશ, બસ.”

“એના માનસમાં તારા વિશેની છાપ એનું કુમળું માનસ...”

“હું જાણું છું પણ એને હું કશું નહીં કહું. અહીં તારી હાજરીમાં જ મળીશ બસ.”

“મારી ઉપર પણ ના આવી છે. હું હાજર થયો ત્યારે જ તારા સસરા આવેલા અને લેખિતમાં અરજી આપી છે કે તને મળવા ન દેવો.”

“મને ખ્યાલ જ હોય. છતાં એક વિનંતી છે. તારી પાસે અરજ છે. હું બે હાથ જોડીને તને વિનંતી કરું છું... પ્લીઝ જીતુ ....” મેહૂલ ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

“અરે યાર...” કહેતાં જીતુએ ઊભા થઈને મેહુલની પીઠ થપથપાવી, “તારી વ્યથા હું સમજુ છું દોસ્ત મને શ્રદ્ધા છે કે તારો વાંક નહી જ હોય ખેર, તારું દર્દ હું અનુભવી શકું છું. તું છાનો રહી જા. આજ કાયદાનું ઉલ્લંઘન કરીને પણ હું મેળવી આપીશ...” કહેતાં તેણે બેલ મારી પટાવાળો આવ્યો. જીતુએ પટાવાળાને કહ્યું, “ધોરણ આઠ-બ ના ક્લાસમાંથી પાર્થ મેહૂલકુમાર ત્રિવેદીને બોલાવી લાવો...”

પાંચ મિનિટ પછી પાર્થ આવ્યો. હળવે હળવે આવીને અદબ વાળીને જીતુ સામે ઊભો રહ્યો. જીતુએ તેના માથે હાથ ફેરવ્યો, “જો તો બેટા કોણ આવ્યું છે? ઓળખે છે?”

પાર્થના નમણા નિર્દોષ ચહેરા પર ખુશીના ભાવ આવ્યા. બે હોઠ ખૂલ્યા, જાણે ફૂલ ખૂલ્યા. અને અંદરથી શબ્દો સર્યા ,“પપ્પા...”

એ ભેળા જ મેહૂલના શરીરમાં અનોખી ભરતી આવી. એણે ઊભા થઈને પાર્થને સાહી લીધો.

ત્યારે પિતાપુત્રના આ મિલનના સાક્ષી એવા જીતુની આંખમાંય આંસુ આવી ગયાં.